દિવ્ય ભાસ્કર
27 OCT 2018

સવારે 9 વાગ્યે વડાપ્રધાન કેવડિયા હેલિપેડ ખાતે આવશે અને કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ 12.15 કલાકે રવાના થઈ જશે

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું 31મીએ 11.35એ લોકાર્પણ

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી 182 મીટરની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું 31મીએ વડાપ્રધાન સવારે 11.35 મિનિટે લોકાર્પણ કરશે. સવારે 9 વાગ્યે વડાપ્રધાન કેવડિયા હેલિપેડ ખાતે આવશે અને કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ 12.15 કલાકે રવાના થઈ જશે. રાજ્ય સરકાર તરફથી અંદાજિત 4,978 લોકોને લોકાર્પણ સમારંભ માટે આમંત્રિત કરવામાં આવ્યાં છે.

રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ સમારંભ કાર્યક્રમની વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી 31મીએ સવારે 9 વાગ્યે કેવડિયા હેલિપેડ ખાતે આવી પહોંચશે. સવારે 9.10 મિનિટે તેઓ વેલી ઓફ ફ્લાવરની મુલાકાત લેશે. 9.50 કલાકે તેમનું ટેન્ટ સિટી ખાતે આગમન થશે. ટેન્ટ સિટીનું ઉદ્ઘાટન કર્યા બાદ તેઓ 10.15 કલાકે સભા સ્થળ પર પહોંચશે. 10.20 મિનિટે તેઓ વોલ ઓફ યુનિટી પર પહોંચશે. 11.35 વાગ્યે તેઓ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી 182 મીટરની પ્રતિમાનું લોકાર્પણ કરશે. 11.45 કલાકે તેઓ મ્યુઝિયમની મુલાકાત લેશે અને 12.15 કલાકે હેલિપેડ જવા રવાના થઈ જશે. લોકાર્પણ સમારંભ માટે સરકાર તરફથી 4,978 જેટલાં લોકોને આમંત્રિત કરવામાં આવ્યાં છે. જેમને ગોલ્ડ, સિલ્વર અને ઓરેન્જ કેટેગરીમાં વહેંચી નાંખવામાં આવ્યાં છે. વડાપ્રધાનના કાર્યક્રમની જાહેરાત બાદ હવે તૈયારીઓને ઝડપી બનાવી દેવામાં આવી છે.

## લોકાર્પણ | રાજ્ય સરકાર તરફથી અંદાજિત 4,978 લોકોને લોકાર્પણ સમારંભ માટે આમંત્રિત કરવામાં આવ્યાં






કારેલીબાગ વિસ્તારની વિથી આર્ટગેલેરી ખાતે ફોટોગ્રાફર હરિ ઓમ ગુર્જર દ્વારા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના આરંભથી પુર્ણતા સુધીના ફોટોગ્રાફ્સના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં વર્ષ 2013થી 2018 સુધીમાં સતત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ 5 હજાર કરતા વધુ ફોટોગ્રાફ્સ ક્લિક કરેલા ફોટોમાંથી કુલ 92 ફોટો પસંદ કરી તેને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ફોટોગ્રાફ્સ વિશે વાત કરતા ફોટોગ્રાફર હરિઓમ ગુર્જરે જણાવ્યું હતુ કે પ્રકૃતિ પ્રેમી તરીકે હું સાધુ ટેકરીની મુલાકાત લેતો હતો. જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવાની શરૂઆત કરવામાં આવી ત્યારથી મેં ફોટોગ્રાફ લેવાનું શરૂ કર્યું હતું. જેમાં સાધુ ટેકરીની પ્રાકૃતિક સુંદરતાથી લઈને કામદારોનો પરિશ્રમ, સ્ટેપ બાય સ્ટેપ બાંધકામ, જુદી ઋતુઓ અને સરદારના વ્યક્તિત્વના પાસાંઓને વણી મેં ફોટોગ્રાફ્સ ક્લિક કર્યા છે. આ ફોટોગ્રાફ્સ સાધુ ટેકરી ખાતે મ્યુઝિયમમાં મુકાય ઉપરાંત તેની નોંધ લિમકા બુક, એશિયા બુક, ઇન્ડિયા બુક અને યુનિક બુક ઓફ રેકોર્ડ્સમાં લેવાય તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

## આયોજનને આખરી ઓપની તૈયારી

ગાંધીનગર | સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણના કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. શુક્રવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી બેઠકમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમના આયોજન, સલામતિ વ્યવસ્થા, 8થી 10 હજાર જેટલા આમંત્રિતો માટે પાર્કિંગ વ્યવસ્થા, વાહનોનો રૂટ, ટ્રાફિક વ્યવસ્થા સહિતની બાબતો અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા શનિવારે કેવડીયાની મુલાકાત લેશે અને કાર્યક્રમ સંદર્ભે સમિક્ષા કરશે.

## સરદારને અંજલિ આપતું સોંગ રિલીઝ

31મી ઓક્ટોબરે સરદાર પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થવા જઈ રહ્યું છે. જેના ઉપક્રમે રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર એકતા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.એકતા યાત્રામાં વાગી રહેલું સરદાર પટેલ સોન્ગ સુરતના મૃણાલ શુક્લ અને મેહુલ પટેલ 'ઈશ' દ્વારા લખવામાં આવ્યું છે અને રાજપીપળાના સંગીતકાર શિવરામ પરમાર દ્વારા સ્વરબધ્ધ કરવામાં આવ્યું છે. જયારે આ ગીતને ગુજરાતના જાણીતા ગાયક પાર્થિવ ગોહિલે પોતાનો કંઠ આપ્યો છે.

## પરિવારજનો સરદારનું નામ વટાવતા નથી

સરદાર પટેલનો પરિવાર સરદાર સાથે સંકળાયેલી તમામ પ્રસિદ્ધિથી દૂર રહે છે. સરદાર પટેલના પુત્ર ડાહ્યાભાઈના પુત્ર ગૌતમભાઈ પટેલ પોતાના દાદાજી સરદાર પટેલની દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાના ઉદઘાટન પ્રસંગે હાજર રહેવાના નથી. એટલું જ નહીં ગૌતમભાઈના પુત્ર કેદાર જે અમેરિકામાં રહે છે તે પણ આ સમારોહમાં નહીં હોય. અઠવાડિયા અગાઉ સરકારી અધિકારીઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં તેમને હાજર રહેવા માટે આમંત્રણ આપવા આવ્યાં હતા પણ તે અગાઉ જ તેઓ અમેરિકા પહોંચી ગયા હતા.

World's tallest statue, the statue of Unity dedicated to Sardar Vallabhbhai Patel set to be unveiled on 31st October.